સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

લ્યો ! ચાલ્યા તલવારની ધારે, સત્તાના પાંચ વર્ષ!
માંધવારીમાં, ન કોઈ વ્હારે, સત્તાના પાંચ વર્ષ!
ઘૂમ્યાં શિક્ષણના વમળમાં, સત્તાના પાંચ વર્ષ!
ઘસ્યાં પગ દવાખાના દ્વારે, સત્તાના પાંચ વર્ષ!

હાઈકુ

પેટ્રોલમાંથી
કરાવ્યું ડિઝલ તો
ગેસમાં આગ!!

આંખ પાંપણે
બંધાય છે તોરણ
ઉજવણીમાં...

ચિંતન

ગુણૈઃ સંવેષ્ટિતો દેહઃ તિષ્ઠતિ આયાતિ યાતિ ચ ।
આત્મા ન ગન્તા ન આગન્તા કિમ્ એનમ્ અનુશોચસિ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંથી લેવામાં આવેલ છે.

ગુણોથી ઢંકાયેલો દેહ આવે છે, રહે છે ને જાય છે, આત્મા નથી જતો કે નથી આવતો. તો પછી શા માટે તું એનો શોક કરે છે?

અહીં અષ્ટાવક્ર કહે છે કે દેહ તો ગુણોથી ઢંકાયેલો છે. દરેક દેહ ધારીમાં માણસમાં - સત્વ, રજસ અને તમસ, આ ત્રણેય ગુણો વત્તાઓછા પ્રમાણમાં રહેલા છે, એટલું જ નહીં, સ્થળ સમય, સંજોગો, સ્થિતિ અનુસાર તેમાં પ્રમાણ ઓછુવત્તું થતું રહે છે, કાયમ એકનું એક રહેતું નથી, આ સિવાય દરેકને પોતાનો ગુણધર્મ પણ હોય છે, જેને સ્વધર્મ પણ કહી શકાય છે. ગણો યુક્ત એવો દેહ માત્ર આવે છે અને જાય છે. તેમાં રહેલો આત્મા ક્યાંક જતો પણ નથી અને આવતો પણ નથી તો પછી એ માટે શું શોક કરવો ??

સુવિચાર

- દુનિયાવાલે : કહાં સે આયે હૈ ? મેં : બહોત દૂર સે, દુનિયા : જગહ કા નામ ? મહેનત - **સત્યનારાયણ પાઠક**
- હું તો મંદિરે માત્ર પ્રાર્થના કરવા જાઉં છું, ફરિયાદ કરવા તો મેં ઘરે અરિસો રાખ્યો છે - **જીગ્નેશ દાદા**
- આપણા પૂર્વજો પથ્થરથી આગ લગાડતા હતા,
  આપણે વાતોથી આગ લગાડીએ છીએ - **ચંદ્રકાન્ત બક્ષી**
- આંખે જોયેલી અને કાને સાંભળેલી વતા પર જ વિશ્વાસ કરવો,
  કારણ કે આ દુનિયામાં Editing કરીને Shere કરવામાં હોંશિયાર છે - **મુંબઈ સમાચાર**
- તપવું ખરું પણ ઉકળવું નહીં, ઉકળશો તો ઉભરાઈ જશો - **એસ. ભટ્ટાચાર્ય**
- ભણતી વખતે જેટલી પરિક્ષા નહોતી આવતી એટલી ભણી લીધા પછી આવે છે અને એ પરિક્ષાનું નામ છે 'સંસાર' - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : મેથીની ભાજીનો રસ દહીમાં સારી રીતે મિક્સ કરી ખાવાથી મરડામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈંગ્લેન્ડના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સામે સમ્રાટ એડવર્ટ (સાતમાં) અપરાધી તરીકે ઊભા હતા. સમ્રાટ સ્વયં પોતાના અપરાધનું વિવરણ કરીને ન્યાયાધીશ પાસે ન્યાય માગવા આવ્યા હતા. ન્યાયાધીશની મુંઝવણ એ હતી કે સર્વસત્તાધીશ સમ્રાટ ને તેઓ કઈ રીતે સજા ફરમાવી શકે? પરંતુ અદાલતી કાર્યવાહી થઈ હોવાની ચુકાદો તો આપવો જ પડે. લાંબા વિચાર પછી ન્યાયાધીશે કહ્યું, 'આ કેસમાં સમ્રાટ જેવી સન્માનીય વ્યક્તિ સંકળાયેલી છે. આથી ન્યાયપ્રક્રિયા પણ વિશેષ હોવી જોઈએ. એટલે હું બ્રિટનના તાબા બેઠળ ન્યાયાલયોમાં આ કેસ મોકલવામાં આવે અને પછી બધા ન્યાયધીશો બહુમતીથી જેને યોગ્ય ઠેરવે, તે નિર્ણય ને મંજુર રાખવો.' દરેક ન્યાયાલયે પોતપોતાના તર્ક અને યુક્તિ લડાવીને સમ્રાટને ક્ષમા આપવા અનુરોધ કર્યો. આ વખતે બ્રિટન સિવાય મદ્રાસ હાઈકોર્ટના ન્યાયાધીશ સર ટી. મુથ્થુસ્વામીએ આ કેસમાં પોતાના નિર્ણય આપતાં કહ્યું, 'આપણે એ વાત ભૂલી જવી જોઈએ કે આપણે સમ્રાટના કેસ અંગે નિર્ણય કરી રહ્યા છીએ. કાયદાની નજરમાં કોઈ સમ્રાટ નથી અને નથી કોઈ ગરીબ. વળી ન્યાયાલયનું એ કર્તવ્ય છે કે એણે એવા ચુકાદા આપવા જોઈએ કે જે ભવિષ્ય માટે દીવાદાંડી બની રહે. આથી મારો નિર્ણય એવો છે કે એક કરોડ એવો સિક્કા બાવો કે જેમાં સમ્રાટ મુગટ વગરના અંકિત હોય. અને એ સિક્કાઓ બ્રિટનના આધિપત્ય હેઠળના દરેક દેશોમાં મોકલવા સમ્રાટની શોભા જ એમાં છે કે આવા નિર્ણયથી પોતાને અપમાનિત માનવાને બદલે એને એ સહજ માનીને શિરોમાન્ય કરે.' સમ્રાટ એડવર્ડ (સાતમાં) એ આ ચુકાદાનો સ્વીકાર કર્યો હતો.

ખેલજગતમાં સુવિધા અને તાલિમ જરૂરી

તંત્રીસ્થાનેથી...

વિશ્વકક્ષાના ઓલિમ્પિક મહોત્સવમાં દુનિયાની સૌથી મોટી લોકશાહી અને ઊભરતી મહાસત્તાની આબરૂ જાળવનારા રમતવીરોની પણ આગવી કહાણી છે. અન્ય દેશો જેવી સુવિધાઓ આપણા ખેલાડીઓને આપણે ઉપલબ્ધ કરાવી શક્યા નથી તે કઠોર અને કટુ સત્યનો આપણે વિનમ્રતાપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. મીરાબાઈ ચાનુએ વેઈટ લિફ્ટીંગના ૪૯ કિલોગ્રામ વર્ગમાં રજત ચંદ્રક જીતીને પહેલા જ દિવસે ખાતું ખોલાવ્યું ત્યારે ઘણી મોટી આશાઓ બંધાઈ હતી. જો કે પછીના દિવસોમાં જેમની પાસે મેડલની પાકી અપેક્ષા હતી એવા નીવડેલા ખલાડીઓ હારી જતાં જૂજ ચંદ્રકોથી દેશેન સંતોષ માનવો પડ્યો છે. ચંદ્રકોની યાદીમાં ચીન સૌથી મોખરે રહ્યું છે, અમેરિકા બીજા નંબરે રહ્યું છે અને જાપાન ત્રીજા નંબરે. ભારતનો ક્રમ ૬૦ નંબર પછી આવે છે. પરંતુ એ અકારણ નથી. ખેલાડીઓ પાસે ક્ષમતા છે, એણને સરખી તાલીમ અને પ્રોત્સાહક વાતાવરણ નથી સાંપડ્યું. એકાદ બે અપવાદોને બાદ કરતાં આપણાં ખેલાડીઓ આર્થિક મુશ્કેલીઓ સામે ઝઝૂમતા ટાંચા સંસાધનો અને નામની તાલીમ સાથે વિશ્વકક્ષાની સ્પર્ધા માટે ક્વૉલિફાય થયા છે એની પણ નોંધ લેવી જોઈએ. મીરાંબાઈ ચાનુ એના દૂરદરાજના ગામથી મણિપુરના પાટનગર ઈમ્ફાલમાં તાલીમ લેવા આવ-જા કરતી તે સમયનો સિનારિયો એ મેડલ મેળવ્યા પછી ભૂલી નથી. એને મફત લિફ્ટ આપનારા ટ્રક ડ્રાઈવરોને એણે સમ્માનપૂર્વક સંભાળી પ્રીતિપોજનનું આયોજન કર્યું. એમને શાલ-સરોપા અર્પણ કર્યા છે અને એમના સહયોગને સંભારીને ભાવુક બની ગઈ. તિહાડ જેલમાં હત્યાના આરોપી સંદર્ભે કારાવાસ ભોગવી રહેલ પૂર્વ ઓલિમ્પિક ડબલ મેડાલિસ્ટ સુશીલકુમાર એના અનુગામી ચંદ્રક વિજેતા દહિયાને ફાઈનલમાં પરાજિત થતો જોઈ વ્યથિત થઈ ગયો. છત્રસાલ સ્ટેડિયમમાં આ રમતવીર પણ તાલીમ લઈ ચૂક્યો છે. ભારત આટલો વિશાળ દેશ હોવા છતાં એના ખેલાડીઓ કે કલાકારોને યોગ્ય સુવિધા, સંશાધનો કે તાલીમ પૂરી પાડી શકતું નથી તે હકીકત છે. અલબત્ત, એ દિશામાં સરકારી સ્તરે કંઈ ને કંઈ આયોજનો અબજોના ખર્ચે થતાં રહે છે. અમદાવાદને દેશનું પ્રથમ સ્પોર્ટસ સિટી બનવાનો લ્હાવો સાંપડવાનો છે.ગુજ્જુ રમતવીરો સૂક્ષ્મદર્શક યંત્ર લઈને જોવા બેસીએ તોય ઓલિમ્પિક કક્ષાના મહોત્સવોમાં દૃષ્ટિગોચર થતા નથી તે ખરેખર શરમજનક બાબત ગણાવી જોઈએ. ગુજરાતીઓ પર વેપારી પ્રજા હોવાનું કાયમી લેબલ લાગેલું છે. અલબત્ત, આઝાદીની ચળવળથી લઈ રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિમાં સૌથી મોટો ફાળો ગુજરતાનો જ રહ્યો છે. ગુજરાતે ક્રિકેટ ક્ષેત્રે પણ મોટી હસ્તીઓ આપી છે. તાજેતરમાં બિહારના મુખ્યમંત્રીએ જાતિવાર વસતિ ગણતરી માટેનો વડાપ્રધાન સમક્ષ આગ્રહ રાખ્યો છે. જાતિવાર વસતિ ગણતરીથી કેટલાંક વર્ગોમાં નકારાત્મક ભાવના સરજાશે એવા અભિપ્રાય સાથે જદ(યુ) ના સાથી પક્ષ ભારતીય જનતા પાર્ટીએ વિરોધ દર્શાવ્યો છે. માત્ર અનુસૂચિત જાતિ - જનજાતિ પૂરતી જ અલગ વસતિ ગણતરી કરવાનું બંધારણના ઘડવૈયાઓને પણ ઉચિત લાગ્યું હતું. ખરું પૂછો થો 'માર્શલ રેલ' - લડાયક કોમો તરીકે વર્ગીકૃત થયેલી જાતિઓમાંથી જ આપણને સીમા પર જાનફેસાની કરતા જવાનો અને વિશ્વસ્તરે નામના મેળવનારા રમતવીરો મળ્યા છે. આવી જાતિઓને એમના લડાયક ખમીરની કદર કરી રમતગમત ક્ષેત્રે અને પોલીસ કે સેનામાં અગ્રતાક્રમે મૂકવાનો શિરસ્તો રજવાડાં અને બ્રિટીશ શાસનકાળમાં પ્રચલિત હતો. બધાનાં જિનેટિક બંધારણ સરખાં ન હોય, એ વૈજ્ઞાનિક અભિગમ પાસે પહાડી પ્રજા કે લડાયક ખમીર ધરાવતી જાતિઓને એમની પસંદગીનાં આવા ક્ષેત્રોમાં વિશેષ સુવિધા અને તાલીમ આપવાની જોગવાઈ થાય તો વિશ્વ સ્તરે જે દેશનું નામોશીભર્યું ચિત્ર ઊપસી રહ્યું છે એમાં સુધારાની પૂરી શક્યતા છે.

મેલેરિયાનો PCR ટેસ્ટ સાદા મેલેરિયાં કરતાં વધારે સચોટ નિદાન કરે છે

PCR મેલેરિયા ટેસ્ટ બધી લેબોરેટરી કરી શકતી નથી

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે વિપુલ અને નિલેશ વડની નીચે સમયમુજબ આવી ગયા હતા. વિપુલે કહ્યું અરે યાર...! આ ગાંડાલાલ અને ડાહ્યાલાલને શું થયું છે આજે દેખાયા નહીં.... આજે ડાહ્યાલાલ અને ગાંડાલાલ આવવાના નથી. ડાહ્યાલાલ અને ગાંડાલા બંને ઘણા વખત પછી બહાર ગયા છે. પછી નિલેશથી રહેવાયું નહીં. આમ તો ગાંડાલાલ અને ડાહ્યાલાલ બંને જ વાતો કરતા હોય છે. આપણએ તો ખાલી સાંભળતા જ હોય છે. આજે તક મળી છે કે આપણે બંને એકબીજાનું જ્ઞાન વધારવાની વાતો કરીશું. વિપુલ બોલ્યો, ભાઈ ડાહ્યાલાલ તો નેટ ઉપરથી વાંચી અને ઘણાં બધાં ડૉકટરો ડાહ્યાલાલનાં મિત્રો છે. એટલે ડાહ્યાલાલને મેડિકલ ફિલ્ડનું વધારે જ્ઞાન હોય છે. આપડી પાસે તો આવું કંઈ છે નહીં. નિલેશ બોલ્યો એમાં આપણે નાસીપાસ થવાની જરૂર નથી. આપડી પાસે જે વાતો કરવાની છે. એ સત્યને આધારિત જ હશે. વિપુલ બોલ્યો નિલેશ તારી જાણમાં જે સત્ય હકીકત હોય તે આપણે બંને ચર્ચા કરીએ.

નિલેશે કહ્યું, અમારાં સગામાં એક મુકેશભાઈ પટેલ છે. મુકેશભાઈને હમણાં અઠવાડિયાં પેલાં તાવ આવ્યો. ડૉકટરને બતાવવા ગયા. ડૉકટરે પૂછ્યું, મુકેશભાઈ શું થાય છે? મુકેશભાઈએ કહ્યું, તાવ આવે છે સાહેબ! ડૉકટરે પૂછ્યું કેવી રીતે તાવ આવે છે. મુકેશભાઈને તપાવવાના શરૂ કર્યા. મુકેશભાઈનું બીપી માપ્યું પછી શરીરને માથાથી માડીને ગળાની તપાસ કરી. ફેફસાની તપાસ કરી, પેટની તપાસ કરી. નખનાં અગૂંઠા સુધી તપાસ કરી. પેછી ડૉકટરે કહ્યું, બીજુંબધું બરાબર છે પણ તમને જે રીતે તાવ આવે છે. એ પ્રમાણે મેલેરિયાનાં લક્ષણો લાગે છે. મેલેરિયા સાબિત કરવા માટે લોહીનાં રિપોર્ટ લખી આપું છું. તે કરાવીને સાંજે ફરી મળીશું ડૉકટરે CBC, SGPT, Urine અને મેલેરિયા પેરેસાઈટ ફોર કાર્ડ ટેસ્ટ એવું લખી આવ્યું. ગાંધીનગરની એક સારી લેબોરેટરીમાં મુકેશભાઈ જઈને બધાં ટેસ્ટ કરાવ્યાં. સાંજે લેબોરેટરીમાંથી લોહીના રિપોર્ટ લઈને ડૉકટરને મુકેશભાઈએ રિપોર્ટ બતાવ્યાં. રિપોર્ટ જોઈને ડૉકટરે કહ્યું, આ બધા રિપોર્ટ તો સારાં છે, પણ મને શંકા મેલેરિયાની છે. પણ મેલેરિયાનો રિપોર્ટ નેગેટીવ છે. હું તમને મેલેરિયાની દવા લખી આપું. મેલેરિયાની દવાની અસર નહીં થાય તો ૨ દિવસ પછી બીજી કંઈ દવા આપણે લખીશું. મુકેશભાઈને મજા ન આવી. મુકેશભાઈ ડૉકટરને ત્યાંથી સીધાં લેબોરેટરીમાં ગયાં. લેબોરેટરી વાળાને કહ્યું કે મારે મેલેરિયાની સચોટ તપાસ કરાવવી છે. તમે મને મદદ કરી શકો. લેબોરેટલીવાળાએ કહ્યું, કે ગાંધીનગરમાં એક જ લેબોરેટરીવાળા PCRની મેલેરિયા તપાસે છે. મુકેશભાઈએ પૂછ્યું કે એમાં સચોટ ખબર પડશે. એમાં શું હોય? લેબોરેટરી વાળાએ કહ્યું, PCR એટલે પોલિમરેશ ચેન રિએક્શન એ નવી પદ્ધતિ છે. તમને ખબર હશે કે કોરોનાનાં રિપોર્ટ PCRથી થાય છે. PCRમાં વાયરસ બેકટેરિયા વગેરેનું નાનાં અંશ હોય તો પણ PCR રિપોર્ટથી પોઝીટીવ આવે છે અને સાચું નિદાન થાય છે. PCR માં નાના પણ અંશનો અમુક સમય સુધી પૃથ્થકરણ કરીને એ નાના રિએકશનો કોપી કરવામાં આવે છે. અને તેમાંથી સીટી વેલ્યુ નક્કી કરવામાં આવે છે અને એનાં ઉપરથી કોરોના અથવાં તો મલેરિયાનો ચેપ છે કે નહીં નક્કી કરવામાં આવે છે. મુકેશભાઈએ કહ્યું મારો મેલેરિયા પીસીઆર ટેસ્ટ કરી આપો. લેબોરેટરી વાળાએ કહ્યું, મેલેરિયા પીસીઆરનો ટેસ્ટ ૧૫૦૦ રુપિયામાં થાય છે. મુકેશભાઈએ કહ્યું, કંઈ વાંધો નહીં. મેલેરિયાનો સચોટવ રિપોર્ટ આવતો હોય તો ૧૫૦૦ રુપિયા આપવામાં વાંધો નહીં. મેલેરિયા ન હોય અને મેલેરિયાની દવા ખાવી વધારે ખરાબ છે. મુકેશભાઈએ લેબોરેટરીમાં મેલેરિયા PCR માટે લોહી આપી દીધું. સવારે લોહી આપીન મુકેશભાઈ જતાં રહ્યાં. સાંજે મુકેશભાઈનું PCRમેલેરિયાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો. અને હાલની ફેરમ નેગેટીવ એવો રિપોર્ટ આવ્યો. મુકેશભાઈએ કહ્યું આ ખરું ! સાદો મેલેરિયાનો ટેસ્ટ કરાવવો તો નેગેટિવ આવ્યો. અને PCR મેલેરિયા કરાવ્યો તો પોઝીટીવ આવ્યો. લેબોરેટરીવાળાએ કહ્યું એ તો મજા છે. PCR ની. મુકેશભાઈએ મેલેરિયાની દવા લીધી અને ૨ દિવસમાં પાછાં ઘોડાં જેવા થઈ ગયા.

મેઘાણી : કવિતાનાં શિલ્પો કંડારવાનો કસબ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

દર્શકદાદ (મનુભાઈ પંચોળી) લખે છે : ''ગઈકાલે હું ચોટીલા ગયો હતો. એક મોટી સભા ભરાઈ હતી. ચોટીલામાં આવડો મોટો સમુદાય કોઈ દિવસ એકઠો થયો નહિ હોય.. પરંતુ મેઘાણીને અંજલિ આપવા લોકો આવેલા. મેઘાણીનું એ જન્મસ્થળ... પોતાનાજ કુટુંબના કોઈ મુરબ્બીની ગુણગાથા ગાવાની હોય અને તેમાં હું રહી જાઉ તો કેટલી મોટી ખોટ જાય ? લોકોનો તે ભાવ હતો. '' (મેઘાણી મણિમહોત્સવ પ્રસંગ : વાચનયાત્રા : મહેન્દ્ર મેઘાણી)

મેઘાણી એટલે લોકનો માણસ. તેની નિસબત લોકો સાથે. નહિતર દર્શકદાદા કહે છે તેમ આટલી લોક મેદની કેમ ઉભરાય ? લોકના માનવની સવાસોમી જન્મજયંતી પ્રસંગે અનેક સ્થળોએ તેમજ અનેક લોકોએ મેઘાણીને યાદ કર્યા તે સ્વાભાવિક છે. કહેવાતા પંડિતોને તેમણે લોકનો પરિચય કરાવ્યો. એક મોટા સેતુબંધનું કામ કર્યું. ભણેલા તેમજ અભણને સાંકળી લેવામાં મેઘાણી જેટલો અથાક પરિશ્રમ ભાગ્યેજ કોઈએ કર્યો હોય. આજ સ્વપ્ન મહાત્મા ગાંધીનું હતું જેની યથાશક્તિ પૂર્તતા કરવા મેઘાણી આજીવન ઝજૂમતા રહ્યા. તેમણે લખ્યું.

હે..જી ભેદની ભીંત્યુંને
આજ મારે ભાંગવી,
મનડાની આખરી ઉમેદ.

સામાન્ય માનવીમાં રહેલું અસામાન્ય તત્વ મેઘાણીએ પારખ્યું તથા દુનિયાને તે પૂર્ણ આત્મવિશ્વાસથી દેખાડ્યું. ''મેઘાણીને વાંચ્યા પછી કોઈ સામાન્યજનનો તિરસ્કાર કરી શકશે નહિ.'' (દર્શક) એકાવન વર્ષના ટૂંકા આયખામાં તેઓ એક યુગકાર્ય કરીને ગયા. ગુજરાત તેમને કદી વિસરી નહિ શકે. મહાકવિ નર્મદની જેમ એકલે હાથે ઝઝૂમીને તેમણે લોકસાહિત્યની અથાક સેવા કરી. કસુંબલ વ્યક્તિત્વ ધરાવતા આ સર્જક આપણી અમૂલ્ય ધરોહર છે. કવિતાના માધ્યમથી તેઓ અનેક કલાકારો – લોકોના કંઠમાં સ્થાપિત થયેલા છે. પહેલો રણજિતરામ સુવર્ણ ચંદ્રક (૧૯૨૯) મેઘાણીને આપીને લોકસાહિત્યનું ઉચિત સન્માન કરવામાં આવેલું છે.

તેમની અનેક રચનાઓમાંઆરસમાં કોઈ ભાતીગળ તેમજ પ્રભાવી શિલ્પ કંડારાયેલું હોય તેવી રચના ''સૂના સમદરની પાળે'' એક દીર્ઘજીવી રચના છે. આજે પણ તેમાં ગુંથાયેલા સ્નેહ તથા વીરત્વના તાણાંવાણા અસંખ્ય લોકોને આકર્ષિત કરે છે. રડાવે છે. આમ તો આ રચના મેઘાણીને ૧૯૩૦માં તેમના જેલવાસ દરમિયાન મળી. કેરોલીન શેરીડાન નોર્ટનના અંગ્રેજી કથાગીત ''બીંજન ઓન ધ રહાઈન'' પરથી સૂના સમદરની પાળેનું અવતરણ થયું છે. પરંતુ આપણી ભૂમિનો ભાવ તેમાં ઉમેરાતા એ રચના સર્વાંગી તથા સર્વસ્વીકૃત બની છે.

'સૂના સમદરની પાળે' એ એક રીતે તો રેવાને તીરે વસેલા રળિયામણા રાજેસર ગામના યુવાનની વીરકથા છે. પરંતુ તેમાં વણાયેલા લાગણી - સંબંધો તેમજ જીવન પરત્વેના અભિગમનું સાંગોપાંગ અને સુંદર દર્શન થાય છે. ગામ હોય, ગામના પાદરે આવેલું ઘેઘૂર વૃક્ષ હોય, ઠાકર મંદિર હોય તેમજ સ્નેહના તાંતણે બંધાયેલા અનેક ભેરૂબંધો હોય તે કલ્પનાજ મનોહર લાગે છે. સમયની જરૂરિયાત તથા ફરજના બોલે આ નાના એવા ગામના કેટલાક યુવાનો રણમોરચે ગયા હશે. ફનાગીરીનો પવિત્ર ભાવ તેમના મનમાં ઘૂંટાયો હશે. મેઘાણીની ગદ્ય તેમજ પધ્ય એમ બન્ને રચનાઓમાં ગુજરાતી ભાષાનો થયેલો પ્રયોગ એક જુદીજ ભાત પાડે છે. આ કાવ્યામાં તેની પ્રતિતિ થાય છે. તેમની નિરૂપણશક્તિ અસાધારણ છે. છતાં પંડિત સુખલાલજી કહે છે તેમ ''નિરૂપણશક્તિ છતાં નિષ્પક્ષતા સાચવવાની તેમની શક્તિ છે, જે ભાગ્યેજ બીજા કોઈ એવા સમર્થ સર્જકમાં હશે.''

સૂના સમદરની પાળે રે.. આઘાસમદરની પાળે,
ઘેરાતી રાતના છેલ્લા શ્વાસ ઘૂંટે છે એક બાળુડો રે..
સૂના સમદરની પાળે.

યુધ્ધની કથા રમ્ય હોય છે તેમ કહેવાયું છે પરંતુ તેમાં નજર સામે જોવા મળતા ચિત્રો મહદ્અંશે બિહામણા હોય છે. આમછતાં આવા પડકારરૂપ સંજોગોમાં પણ પીડા ભોગવનાર યોધ્ધો વેદનાની કથા ગાતો નથી. તેના મોં પર જે ભાવ પ્રગટે છે તેમજ મુખેથી જે શબ્દો પ્રગટ થાય છે તેમાં તેની અસાધારણ વીરતાનું ઉજળુ દર્શન થાય છે. વીરતાથી લડનાર એ વીર જીવન મરણ વચ્ચે ઝોલા ખાતો રહે છે. તેના શબ્દો પણ વાત કરતા કરતા તૂટે છે અને ક્રમે ક્રમે ક્ષિણ થતાં જાય છે. છતાં તેમાંથી પ્રગટતો ભાવ એક જુદાજ ભાવવિશ્વનું દર્શન કરાવે છે. ઘવાયેલા યોધ્ધા સાથે વાત કરનાર સાથીને સંદેશો આપવાની તેને હોંશ છે. આ વાત પોતાનો સાથી ઘવાયેલા યોધ્ધાના ગામ જઈને આપવા તેની વિનવણી છે. એકે એક શબ્દ તેમજ પંક્તિઓ આ કાવ્યમાં એક આકર્ષક ગુલદસ્તાની જેમ ગૂંથાયેલાં છે. કાવ્યનીજ એક પંક્તિમાં જાણે ભગવદ ગીતાનો અનાસક્ત ભાવ આવ્યો હોય તેમ પોતાની વહાલી માતાને કહેવારાવે છે.

માડી ! હું તો રાનપંખીડું, રે માડી હું વેરાન પંખીડું.
પ્રીતિને પીંજરે મારો જંપિયો નો'તો જીવ તોફાની રે,
સૂના સમદરની પાળે.

જાણે કે આ વીરને પોતાનું અસ્તિત્વજ કોઈક ઉમદા કારણસર હોય તેમ ભાસે છે. સંસારની માયાજાળમાં હોવા છતાં તે તેનાથી વિરક્ત છે. કાવ્ય ફરી ફરી માણવા જેવું છે.

સ્વતંત્રતાને આ સર્જકે દિલથી ચાહી છે, ઉપાસી છે. માતૃભૂમિની સ્વાધિનતા એ તેમનું લક્ષ રહેલું છે. ૧૯૩૦નું વર્ષ એ દાંડીકૂચના વર્ષ તરીકે જાણીતું છે. મે-૧૯૩૦માં ધંધૂકાની કોર્ટમાં ગૌરવભેર પોતાની રચના સંભળાવતા કવિ તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે પણ માતૃભૂમિની સ્વાધિનતા માટે અતુટ વિશ્વાસ ધરાવે છે. આ પરિણામ આવશેજ કારણકે સમર્પણની રક્તધારા જે સતત વહેતી રહે છે તે ધ્યેય સિધ્ધ કરીનેજ જંપશે તે તેમની પ્રતિતિ છે.

તૂટે છે આભ ઊંચા આપણાં
આશા-મિનારા, હજારો ભય તણી
ભૂતાવળો કરતી હુંકારા.
સમર્પણની છતાં વહેશે સદા
અણખૂટ ધારા, મળે નવ
માવડીને જ્યાં લગી મુક્તિ-કિનારા.

મેઘાણી જેવા અનેક સ્વાધિનતા સંગ્રામના વીરોની શ્રધ્ધા અંતે સાચી પુરવાર થઈ. દેશ આઝાદ થયો. વિધિની એ વક્રતા હતી કે સ્વાધિનતા મળી તે પહેલા ચાર મહીનેજ મેઘાણીએ મહાપ્રયાણ કર્યું.

ઉઘડતી બારી આપ્તજન જેવી હોય છે, તો બંધ બારી પણ હૂંફાળા સ્વજનથી કમ નથી!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

એક નજર બારીની બહાર વિસ્તારું છું..બહાર બધું અમાપ છે..આપણી અંદર પણ અનોખો વ્યાપ છે..બારી તમને આ અનુભૂતિ કરાવે છે..બારી આરપાર હોય છે..એ ખુલે છે..સાથે જ એક નવું ભાવજગત પણ ખોલી આપે છે. આપણી ભીતર..આપણા આંતરજગતમાં કશુંક સળવળે છે.બારીની આજ તો મજા છે..બારી હાથવગી હોવા છતાં આપણે બારીએ બેસવાનો લ્હાવો લઈ શકતા નથી..હિન્દીમાં એને ખિડકી કહે છે...આપણે સામેની ખિડકીમાં ચાંદનો ટુકડો શોધીએ છીએ..પણ બારીમાંથી દેખાતો આકાશનો એક ટુકડો જો આપણે જોઈ શકીએ તો બારીની બારીકાઈનો અંદાજ આવી શકે..!

આપણી આસપાસ બે દુનિયા છે.બારીની અંદરની અને બારી બહારની... તમારે જો જગત સાથે બરાબરી કરવી હોય તો બારીની બહાર નજર દોડાવવી પડે..ઉઘાડ એ એનો સ્વભાવ છે... તમે જ્યારે બહારની બારી ખોલો છો ત્યારે આપણી અંદર ભીડાયેલી એક બારી અનાયાસ જ ખુલી જતી હોય છે. 'શંકા એ સાંકળ જેવી છે...જાણેઅજાણે એ બંધિયારપણાને બહેલાવે છે... વિશાળે જગ વિસ્તરે' એવું ગાવું હોય તો મોહપાશ જેવી સાંકળને હળવેકથી ખોલી નાખવાની જરૂર છે... સાંકળ મુકત બારીનો સધિયારો આપણી બંધિયાર મનોદશાને અનેક દિશાઓનો એહસાસ કરાવે છે.

માણસે જ્યારથી ઘર બનાવ્યું છે ત્યારથી આપોઆપ બારી એ પણ એની જરૂરિયાતનો એક હિસ્સો બની ગઈ છે.છાપરૂં હોય કે સાતમાળની હવેલી બારી વગર એ નકામાં છે..બારી ક્યારેક મારી હોય છે તો ક્યારેક તમારી હોય છે. પણ એની મજા હંમેશા સહિયારી હોય છે. સામસામે ઉઘડતી બારીઓના કિચૂડાટમાં જીવંતતા જોવા મળે છે. આપમેળે ખુલ્લા ચોકમાં કે મેદાનમાં વિસ્તરતી બારીનો પણ આગવો અંદાજ હોય છે. ક્યારેક એ ઝરૂખો બનીને સૌંદર્ય ફેલાવી જાય છે તો કદીક એ ગેલેરીનો પર્યાય પણ બની જતી હોય છે. બારી સાથે મારે આમ તો લેણું છે..હું જયારે ઘરમાં પ્રવેશ કરું છું ત્યારે બંધ બારીને સહન કરી શકતો નથી..કોઈના ઘેર જાઉં અને બારીઓ બંધ બારીઓ જોઉં તો મને મુંઝારો થતો હોય છે..પણ શું થાય? બીજા કોઈની બારી આપણે ક્યાં ખોલી શકીએ છીએ ? દરેક વ્યક્તિએ પોતે જ પોતાની બારી ખોલવાની હોય છે..! પ્રત્યેક બારીનો એક આગવો ઉઘાડ હોય છે..વાત થોડીક ફિલસુફી તરફ જઈ રહી છે પણ બારી છે જ રહસ્યમય...એને ઉઘાડવાની જેમ મજા છે એમ સમયસર એને બંધ કરવાની પણ એક આવડત હોય છે. દરેક આવાસની ચડતીપડતીની એ સાક્ષી હોય છે...મકાનનો ઈતિહાસ બારી વગર અધુરો છે... રહેઠાણનો એ આમ તો પ્રાણ ગણી શકાય પણ ચૂપચાપ લટકી રહેવામાં જ એ સાર્થકતા અનુભવતી હોય છે.ક્યારેક એમાંથી તાજી હવા ઓરડાના બંધિયારપણાથી છુટકારો અપાવે છે..તો ક્યારેક બંધ રહીને એ ઘરની બંધ મુઠ્ઠી પણ જાળવી લે છે.કોઈ અલ્લડ યુવતિની માફક બારીમાંથી સહજ પ્રગટતી તાજી હવાની લહેરખી આપણા અસ્તિત્વને પુલકિત કરી જાય છે..બારીની બહાર ઝરૂખો પણ હોય છે..પણ એ મુખર હોય છે..બારીમાં એક ઠાવકાઈ હોય છે..બારી એ રીતે જોઈએ તો ગુણિયલ નારી જેવી હોય છે...! આપણી તો ગ્રામ્ય સંસ્કૃતિ..આપણા પૂર્વજોના ગારમાટીના ઘરોમાં બારી એટલી બધી ફરજિયાત ન હતી...એની છતમાં નાનાં નાનાં ચાંદરણાંનો ચંદરવો હતો..એનાં નળિયાંની જાળીમાંથી હવા અને સૂર્યકિરણો સહજ આવી જાય એવી વ્યવસ્થા હતી..પણ ધીમેધીમે એમાં પણ બારી ડોકાવા લાગી..મકાનો આધુનિક થતાં ગયાં એમ બારી પણ બહુરૂપી થતી ગઈ..ક્યાંક સિંગલ તો ક્યાંક જોડી... કયાંક કાચની કાયા તો કયાંક શટર સ્વરૂપે એ વિકસતી ગઈ. પણ આવાસને અવકાશ સાથે જોડી આપવાની એની ઓળખ હંમેશાં એની એ જ રહી છે.

બારીમાંથી નિરાંતે બહાર જોવું એ કયેરેક સારી બાબત ગણાય છે. પણ બહારથી કોઈકની બારીમાં ડોકીયું કરવું એ અવિવેક જ ગણાય ! બારીનો પોતાનો પણ એક પ્રોટોકોલ છે..એની પોતાની એક ગરિમા છે.કાકાસાહેબ કાલેલકરે એના માટે વાતાયન જેવો શબ્દ આપ્યો છે...'વાતાયન'નામની ચંદ્રકાંત બક્ષીની કોલમ બેહદ લોકપ્રિય હતી. ગામડાઓમાં મોટા ડહેલા જોવા મળતા, જે આખા કયારેક જ ખુલે પણ વચ્ચે એક નાનકડી બારી મુકવામાં આવતી જેને ગળકબારી કહેવાતી...બારીને જયારે ડોકિયું કરવાનું મન થાય ત્યારે એ આ નાનકડી બારીનો સહારો લેતી...તારા ઉપર તારા તણાં ઝૂમી રહયાં જે ઝૂમખાં એવું જ..!

અંગ્રેજીમાં એને window કહે છે પણ એમાં એટલી મજા નથી.બારી એટલે બારી..આ શબ્દમાં આપણી ભાષાની મૌલિકતા પ્રગટે છે. રઘુવીર ચૌધરીના એક પ્રવાસવર્ણનના પુસ્તકનું નામ છે..'બારીમાંથી બ્રિટન'..'બારી બહાર' નામે કદાચ પ્રહલાદ પારેખનો કાવ્યસંગ્રહ પણ છે. આમ જોઈએ તો આપણા સર્જકો બારીને બરાબર સમજયા હોય એવું લાગે છે..!

વાડીલાલ ડગલીએ અંગ્રેજી શબ્દ લિબરલ સ્પીરીટ માટે 'મનની